Peer Reviewed Refereed Journal ISSN : 2278 – 5639
Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)
{Bi-Monthly} Volume – XII Issue – VI November - December 2023

# ગુજરાતી ભાષાની સીમાસ્તમ્ભરૂપ કૃતિ મિથ્યાભિમાન નાટકનો અભ્યાસ

ડૉ. દીપ્તિ બી. કુંડલ,
એસોસિએટ પ્રોફેસર,
શ્રીમતી એમ. એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન,
વઢવાણ શહેર, સુરેન્દ્રનગર

સારાંશ :

નાટક બીજી કલાઓ કરતાં જરા જૂદું છે. નવલિકા કે નવલકથાની જેમ નાટક લખેલા શબ્દો પર માત્ર આધાર રાખતું નથી; પણ ખરા અર્થમાં તેના અનુભવની સંપૂર્ણ અસર સર્જક, અભિનેતા અને પ્રેક્ષકો એમ ત્રણે પર અવલંબે છે. તેથી જ કદાચ સામાન્ય જનમાનસ પર નાટક સૌથી વધુ અસર કરે છે, આકર્ષણ જમાવે છે, રસ જાળવી શકે છે. સ્વરૂપ તો લોકપ્રિય પરંતુ ગુજરાતી ભાષામાં તેનું ખેડાણ... જે સમયમાં ગુજરાતી ભાષાનું પોત ઘડાઈ રહ્યું હતું. તે સમયમાં ગુજરાતી ભાષામાં આ સ્વરૂપની રચના નોંધપાત્ર ઘટના જ કહેવાય. સુધારકયુગના સૂત્રધાર કવીશ્વર દલપતરામે સત્તર દાયકા પૂર્વે એક નાટક રચ્યું- 'મિથ્યાભિમાન' ઈ.સ. ૧૮૭૦ જ્યારે અર્વાચીન ગુજરાતી અને સવિશેષ ગુજરાતી ગદ્યનો પિંડ આકાર લઈ રહ્યો હતો તેવે સમયે સંવાદાત્મક નિબંધ સ્વરૂપની આ નાટ્યરચના, યુગપ્રવર્તક સાહિત્યકારની યશોદાયી સર્જનકૃતિ કહેવાય. અત્રે મિથ્યાભિમાન નાટકની નાટ્યસ્વરૂપ સંબંધિત વિવેચના રજૂ કરી છે. મિથ્યાભિમાન કૃતિનો વિષયગત, સ્વરૂપગત અને ભાવસંગત સાહિત્યિક પરિચય વિગતે જોઈએ.

Global Online Electronic International Interdicipilinary Research Journal's licensed Based on a work at http://www.goeiirj.com

કી વર્ડસ : અર્વાચિન સાહિત્ય, સ્વરૂપ, નાટ્યશૈલી, મંચનક્ષમતા, સીમાસ્તમ્ભરૂપ કૃતિ,

1.0 હેતુઓ :

1.1) સાહિત્ય કૃતિ તરીકે મિથ્યાભિમાન નાટકનો પરિચય તારવવો.

1.2) સાહિત્ય સ્વરૂપ નાટકનાં પાસાંઓ મુજબ મિથ્યાભિમાન નાટકનો અભ્યાસ કરી તેની વિશેષતાઓ મર્યાદાઓ તારવવી.

2.0 અભ્યાસના પ્રશ્નો :

2.1) મિથ્યાભિમાન નાટક લખવાનું લેખકનું પ્રયોજન શું હશે?

2.2) મિથ્યાભિમાન નાટકમાં કઈ નાટ્યશૈલીનો ઉપયોગ થયો હશે?

2.3) મિથ્યાભિમાન નાટકના સંવાદો કેવા હશે?

2.4) મિથ્યાભિમાન નાટકમાં પાત્રાલેખન કેવું હશે?

2.5) મિથ્યાભિમાન નાટક વસ્તુસંકલન અને રસદર્શન ની બાબતમાં કેવું હશે?

2.6) મિથ્યાભિમાન નાટક મંચનક્ષમતાની દ્રષ્ટિએ કેવું હશે?

2,7) મિથ્યાભિમાન નાટકની પ્રસ્તુતતા શી હશે?

2.8) મિથ્યાભિમાન નાટકની મર્યાદા શી હશે?

3.0 નાટક લખવાનું પ્રયોજન:

દલપતરામે મિથ્યાભિમાન નાટકની રચના કરી એક કાંકરે બે પક્ષી મારવાનું કાર્ય કરેલું. ઈ.સ. ૧૮૬૯ નાં જુલાઈ માસનાં ડાંડિયો, બુદ્ધિપ્રકાશ, ગુજરાતમિત્ર, ગુજરાત શાળાપત્ર, સન્ડે રિવ્યૂ વગેરે જેવા મુંબઈ, અમદાવાદ અને સુરતના સામયિકો અને વર્તમાનપત્રોમાં એક જાહેરાત છપાઈ; કોઈ એક પ્રકારની વિદ્યા, ધન કે ગુણ પોતાનામાં ન હોવા છતાં તે મારામાં છે એવો ઢોંગ કરે તે મિથ્યાભિમાન કહેવાય. તે મિથ્યાભિમાન વિષે હાસ્યરસમાં નાટકરૂપી નિબંધ ૫૦ જેટલા પૃષ્ઠોમાં પાંચ મહિનાની મુદતમાં લખી મોકલશે તેમાં સૌથી સૌથી સરસ નિબંધ લખનારને ઠક્કર ધરમશી ગોવિંદજી તરફથી રૂ. ૧૦૦/- નું ઈનામ આપવામાં આવશે. આમ કચ્છ-માંડવીના સગૃહસ્થ ઠક્કર શેઠે ધન, વિદ્યા અને ધર્મનું પાખંડ કરનારાંને બોધ મળે તેવું નાટક લખવાની યોજેલ સ્પર્ધામાં ભાગ લેવા દલપતરામ પ્રેરાયા; રચના થઈ મિથ્યાભિમાન નાટકની. સમાજસુધારાનો પોતાનો હેતુ પાર પાડવા માટે સુધારક દલપતરામ આકર્ષાય તે સ્વાભાવિક છે. જીવરામ ભટ્ટના પાત્ર દ્વારા સૂંઠના ગાંગડે ગાંધી બની બેસનારાં મિથ્યા અભિમાની લોકોને ચાબખા મારવાનું દલપતરામ ચૂકે ? સુધારક દલપતરામ તક ઝડપે છે. ઉપરાંત ભવાઈ જેવા લોકરંજનમાં પ્રવેશેલા અનિષ્ટ અને અશ્લિલતાથી અલગ સારા માણસો માટે ગુજરાતીમાં સુધરેલાં નાટકનાં પુસ્કર હોવા જોઈએ તેમ પણ તેઓ કહેતા. આમ નાટ્યરચનાનું પ્રયોજન ઉમદા હતું.

4.0 નાટકમાં ત્રિવિધ નાટ્યશૈલી :

આ નાટય લખ્યા પૂર્વે શિષ્ટ નાટકની પરંપરા ન હતી. દલપતરામે ત્રિવિધ નાટ્યશૈલીનો સમન્વય કર્યો છે. ભવાઈમાં આવતા રંગલાનું પાત્ર આરંભથી અંત સુધી રહે છે. સંસ્કૃતના વિદૂષક કરતાં તે ભવાઈનો રંગલો વધુ છે. વિચિત્ર દેખાવ, વિચિત્ર વાણી, વિચિત્ર પોષાક, વિચિત્ર પ્રાણી - ટીકા, મજાક, ઉપહાસ, કટાક્ષ કરતો રંગલો લેખકનું

મુખવાજું બની રહે છે. નાટકમાં સંસ્કૃત શૈલી પ્રમાણે પ્રહસનનાં લક્ષણો છે. નાન્દિ - વિષંભકની જેમ અહીં મંગલાચરણ છે. સૂત્રધાર દ્વારા ગણેશસ્તુતિની જેમ અહીં વિઘ્નહર્તા, સિદ્ધિવિનાયક જેવાં વિશેષણો વડે ગણપતિની જ નહિ ત્રિગુણપતિ પરમાત્માનું શરણ છે. ઉપરાંત સંસ્કૃત વૃત્તમાં રચાયેલા પદ્ય શ્લોકો સંસ્કૃત શૈલીની અસર બતાવે છે. અમુક અપવાદ બાદ કરતા નાટક શુદ્ધ પ્રહસનનાં લક્ષણો ધરાવે છે. ફાર્બસસાહેબ દ્વારા થયેલ અંગ્રેજી નાટ્યશૈલીનો પરિચય તથા 'લક્ષ્મી' (અંગ્રેજી નાટકનું રૂપાંતર) નાટકનો અનુભવ દલપતરામને ઉપયોગી થાય છે. આઠ અંક અને પંદર પ્રવેશ અંગ્રેજીમાં આવતા એક્ટ (Act) અને સીન (Scene) પ્રમાણે જ તો છે ! સ્થળ બદલાતા અંક બદલાય, પાત્ર પ્રવેશે દૃશ્ય બદલાય. અંતમાં ચોર્યપ્રસંગ અને જીવરામનું હૃદયપરિવર્તન અંગ્રેજીમાં આવતા ક્લાઈમેક્સ (Climax) જેવી જ માવજત પામે છે ને ! મિથ્યાભિમાન નાટકમાં ભવાઈ, સંસ્કૃત પ્રહસન અને અંગ્રેજી ડ્રામા એ ત્રિવિધ નાટ્યશૈલીની અસર જોવા મળે છે, દલપતરામના સર્જનની કલાત્મકતા છે. મિથ્યાભિમાન તેથી જ સીમાસ્તંભરૂપ કૃતિ છે.

## 5.0 સંવાદ :

દલપતરામે આ નાટક લખ્યું ત્યારે ગુજરાતી ગદ્ય તેની પ્રારંભિક અવસ્થામાં હતું. આવા પડકારભર્યા સંજોગોમાં નાટકનાં સંવાદોમાં અસરકારક ગદ્ય પ્રયોજી દલપતરામ ધાર્યું કામ કાઢવાનું કૌશલ બતાવે છે. નાટકના સંવાદો ભાષણીયા નથી. ટૂંકા, વેધક અને જીવંત સંવાદો પાત્રોનાં અભિનયની શક્યતા વધારનારાં છે. સંવાદમાંથી જ પાત્રનાં મનોગત સ્વભાવ - વર્તનની ખૂબીઓ ને ખામીઓ પ્રગટે છે. પ્રમાણમાં પ્રેક્ષકોને જકડી રાખનારાં સંવાદો દલપતરામે આપ્યાં છે. નાટકનાં પાત્રો સમાજનાં જુદા જુદા સ્તરમાંથી આવે છે. એકબીજાથી જુદા પડે છે - જે માટે લેખકે પાત્રોની ભાષાનું સ્તર જાળવ્યું છે. જીવરામ, રઘુનાથ, સોમનાથ, દેવબાઈ વગેરે કરતાં પાંચો અને બીજલ જુદા પડે છે. જમનાના શબ્દોથી વાઘજી- કુતુબના શબ્દો સાવ જુદા જ. એ રંગલો તો વળી જુદી જ ભાત પાડે. ટૂંકમાં જે સ્તરનું પાત્ર તે સ્તરની ભાષા અને શબ્દપ્રયોજનની કાળજી એ વખતમાં દલપતરામે રાખી છે. અભિનયની તક પૂરી પાડે તેવા ધારદાર અને વ્યંગવિનોદ દર્શાવતા અસરકારક સંવાદો નાટકનું નોંધપાત્ર જમા પાસું છે.

ભાષાપ્રભુત્વ સંદર્ભે પણ દલપતરામનું મિથ્યાભિમાન નાટક ફુલ્લી પાસ કહી શકાય. નિવડેલા સાહિત્યકારો પણ નાટક લખે ત્યારે પાત્રોની ભાષાનાં સ્તર એક જ પ્રકારનાં યોજે છે. દલપતરામના દરેક પાત્રની ભાષામાં વૈવિધ્ય છે. સાદગીપૂર્ણ અને સરળ હોવા છતાં પાત્રના સ્વભાવ-વર્તન અનુસાર પાત્રની માનસિક કક્ષા પ્રમાણે પ્રસંગ અનુરૂપ ભાષા પ્રયોજવાનું કૌશલ દલપતરામ ધરાવે છે. પાત્રમુખે વ્યવહારની ભાષાના જ ભિન્ન સ્તર મૂકે છે. ટૂંકા વેધક લહેકા, લઢણોનું વૈવિધ્ય અને વિનોદ રમૂજ જન્માવતા સંવાદોમાં ભાષા નાટયોચિત પ્રભાવ જન્માવે તેવી છે. શિષ્ટ

Peer Reviewed Refereed Journal ISSN : 2278 – 5639
Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)
{Bi-Monthly} Volume – XII Issue – VI November - December 2023

માન્ય ભાષા, સંસ્કૃત પદાવલિ, ક્યારેક તળપદી બોલી તો ક્યારેક હિન્દી અને ઉર્દૂ શબ્દમિશ્રિત કથન લેખકની સૂઝ બતાવે છે.

6.0 પાત્રાલેખન :

દલપતરામે નાટકમાં તે સમયની વર્ણપ્રથામાંથી પાત્રો પસંદ કરેલાં છે. નાતજાતનું દૂષણ, ઊંચનીચનાં ભેદભાવ, તીવ્ર મતભેદ, અહંકાર, પાખંડ વગેરે પ્રગટ કરવા માટે દલપતરામની સમાજની તાસીરને પરખનારી અનુભવી દૃષ્ટિ કામે લાગી છે. જીવરામ, રઘુનાથ, સોમનાથ, દેવબાઈ, જમના, વૈદ્ય વગેરે બ્રાહ્મણ જ્ઞાતિનાં પાત્રો છે. પાંચો, બીજલ ભરવાડ છે; કુતુબમિયાં, વાઘજી, ગંગા વગેરે અલગ અલગ જ્ઞાતિનાં પાત્રો છે. બ્રાહ્મણ તરીકેનું કુલાભિમાન, ધર્માભિમાન જીવરામ ભટ્ટ દ્વારા જોવા મળે છે. જીવરામ ગુણાભિમાની, યૌવનાભિમાની, વિદ્યાભિમાની, રૂપાભિમાની, દંભી, તુંડમિજાજી, રતાંધળો છતાં પોતાની બુદ્ધિથી હજુ સુધી કોઈને ખબર પડવા દીધી નથી એવી પંતરાજીમાં રાચતો ફુલણજી - જુઠ્ઠાબોલો છે. દલપતરામે જે રીતે જીવરામનું ચરિત્રચિત્રણ કર્યું છે તે આધારે એ મિથ્યાભિમાનનું નમૂનારૂપ (Type) પાત્ર છે. નાટકનું જ નહિ જીવરામ ગુજરાતી ભાષાનું ચિરંજીવ પાત્ર છે. જગવિખ્યાત જીવરામ છઠ્ઠા અંક પછીની કરૂણ સ્થિતિ દ્વારા મિથ્યા અભિમાનને અવગુણ તરીકે ગળે ઊતરી જાય તેમ સમજાવી જાય છે. આ પાત્રની શ્રેષ્ઠતા એટલી કે મિથ્યાભિમાન રાખનારાં માટે ‘જીવરામ ભટ્ટ' સંજ્ઞા પ્રયોગ થાય ! ઉપનામ કે બીબાંઢાળ વિશેષણ તરીકે પ્રયોજાય તે.

નાટકનું દરેક પાત્ર અજોડ છે. દરેક પ્રતીકરૂપ છે. પરંતુ વિગતે તો લખાણ બહુ લાંબુ પડે. છતાં ટૂંકમાં જોઈએ. રઘનાથ રૂઢિગ્રસ્ત, કુલાભિમાની સ્વાર્થાંધ છે. અન્ય જાતિ પ્રત્યે સંકુચિત માનસ ધરાવે છે. ખોટા દંભ માટે દીકરીનો ભવ બગાડતો પિતા છે. દેવબાઈનું પાત્ર તેજસ્વી, નિડર, ગૃહિણીનું પ્રતિનિધિત્વ કરે છે. પતિ કરતાં ઊલટાં એટલે કે સુધારાવાદી વિચાર ધરાવે છે, જીવંત અને સુરેખ પાત્ર છે. જમના રૂપવાન, સમજુ કન્યા છે. સમાજની જડ અને રૂઢિગ્રસ્ત વેદી પર આ કોડભરી કોમળ કન્યાનું બલિદાન અપાયાનો સંદેશ આપતું પાત્ર છે. સોમનાથ માતાપિતાની આમાન્યામાં રહેલા તે વખતના દબાયેલા-કચડાયેલા યુવાન વર્ગનું પ્રતીક છે. રંગલો પાત્ર તો નહિ પણ તેના સંવાદ અને ખાસ તો જીવરામ માટેના વ્યંગ નોંધપાત્ર બાબતો છે. કુતુબમિયાં જુઠ્ઠાબોલા અને શેખીખોર તરીકે ડરપોક છતાં બડાસ મારનાર વ્યક્તિ છે. ટૂંકમાં ભૂમિકા નાની કે મોટી દલપતરામે દરેક પાત્રના સ્વભવાની લાક્ષણિકતા દર્શાવી અજોડ કારીગરી કરી છે. જનસ્વભાવ અને જનમાનસનાં ઊંડા અભ્યાસની મૂડીથી સમૃદ્ધ દલપતરામનું પાત્રાલેખન સ્વાભાવિક અને સજીવ બની રહે છે.

Peer Reviewed Refereed Journal ISSN : 2278 – 5639
Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)
{Bi-Monthly} Volume – XII Issue – VI November - December 2023

7.0 વસ્તુસંકલન અને રસદર્શન :

સ્વસુરગૃહે જતા રતાંધળા જીવરામ ભટ્ટ સાંજ થતાં પહેલાં પહોંચવા મથે છે. બુદ્ધિપૂર્વક પોતે હજુ સુધી પોતાની નબળાઈ કોઈને જણાવા દીધી ન હોવાની બડાઈમાં રાચનારો આ બ્રાહ્મણ જમાઈ તરીકે જરા વધારે જ અદકુ પાત્ર છે. પોતાની મર્યાદાને છાવરવાના પ્રયત્નોમાં વધુને વધુ ફજેતી થવાથી ત્રસ્ત જીવરામનું અંતે ચોર્યપ્રસંગથી હૃદયપરિવર્તન થાય છે. પણ બહુ મોડે મોડે સમજાવાથી મિથ્યાભિમાની જીવરામનો જીવ મિથ્યા અભિમાનના કારણે જ જાય છે ! દંભ કે આડંબરના કારણે માણસ પતનને નોતરે છે તે વાત મૂળ વસ્તુમાં રહેલો આધારભૂત વિચાર છે. અહીં સમાજસુધારક દલપતરામ આગવી અદાથી વ્યક્ત થાય છે. સૂંઠના ગાંગડે ગાંધી બની બેસનારાને તેઓ હળવાશથી હસાવતાં- રમાડતાં જ બોધપાઠ ભણાવે છે. આરંભથી અંત સુધી વસ્તુની જે માવજત દલપતરામે કરી છે તે અજોડ છે. નાટ્યવસ્તુ ક્રમિક, વિકાસાત્મક, તર્કપૂર્ણ અને રંજક હોવાની સાથે બોધપ્રદ નિવડયું છે. કશાય ભાર વગર, તદ્દન સાહજિક, દલપતરામે સિદ્ધહસ્ત કલાકારની અદાથી 'દંભીનો અંત દયનીય' બતાવવાની સાથે જમાઈની અવળચંડાઈ, અંગ્રેજી કેળવણી તરફ હકારાત્મક દૃષ્ટિ, નારી જીવનની દયનીય સ્થિતિ કે યુવાવર્ગની દબાયેલી-કુંઠાયેલી શક્તિ જેવી બાબતોને આવરીને એક સળંગસૂત્ર સંખેડાઉતાર કૃતિનું સર્જન કર્યું છે.

પ્રહસનના લક્ષણો ધરાવતું 'મિથ્યાભિમાન' હાસ્યરસ આધારિત છે. પ્રમુખ રસ હાસ્ય છે. જીવરામનનું વર્ણન, લટકા અને સંવાદ બધું જ પેટ પકડીને હસાવે છે. રંગલો પણ પ્રેક્ષકોને ખૂબ હસાવે છે. પાડી સાથેનો પ્રસંગ હોય કે જીવરામ-રંગલાનો સંબંધ હોય; કુતુબ દ્વારા મિયાં પડે પણ તંગડી ઊંચી ! કે પછી જીવરામનું સ્થાન કે વળી ભોજન વખતના સંવાદો ! નાટકમાં મહદંશે હાસ્ય છે. જમનાનું પાત્ર કરૂણ પીરસે છે અને જીવરામના હૃદય પરિવર્તન પછી નાટક કરૂણ તરફ વળે છે. આમ છતાં નાટક ભરપૂર નિર્દોષ મનોરંજન પૂરું પાડે છે.

સ્વાદ નથી સદ્દગંધ નથી, નથી રે પુષ્પપરાગ; અરે ! વૃથા અભિમાન તો કહિયે કાળો નાગ.

જીવરામના મુખે જ્યારે દલપતરામ આ વાત મૂકે છે ત્યારે ભાવકના ભાવજગત પર પૂર્ણ કાબુ મેળવી ચૂકયા છે. વિવિધ ચેષ્ટાઓ અને સંવાદ ભાવકને હસાવે છે તેમ જીવરામના શબ્દો ભાવકને ઢંઢોળી શકે તેવા છે. કહું છું હું અનુભવ કરી, ખરેખરી વળી વાત; ઊપજે છે અભિમાનથી, ઘડીએ ઘડીએ ઘાત. જીવરામ સાથે જોડાયેલી ભાવકની સંવેદના પણ અનુભવનો આ નિચોડ જાણે કે ગળે ઊતરી જતો હોય તેમ સહજતાથી સ્વીકારી લે છે.

મિત્ર નથી અભિમાન ગુણ, એ તો ઉગ્ર અરીવ; મિથ્યા અભિમાને ગયો, જીવરામનો જીવ.

-કહેનાર દલપતરામ વસ્તુસંકલન અને રસદર્શન બન્ને બાબતે નાટ્યસર્જન ક્ષેત્રે મેદાન મારી જાય છે! એ પણ સાવ સાહજિક રીતે !

8.0 મંચનક્ષમતા :

નાટકના સંદર્ભમાં આ અત્યંત અગત્યની બાબત ગણાય. ખૂબ જ સુંદર નાટક લખાયું હોય, પરંતુ તખ્તા ઉપર ભજવી ન શકાય તો શા કામનું ? અભિનેયતા, તખ્તાલાયકી કે મંચનક્ષમતા આમ તો નાટકની સફળતાનો કે સમાજોપયોગીપણાનો પ્રમુખ આધાર છે. દલપતરામે 'મિથ્યાભિમાન' નાટક લખતી વખતે તેની તખ્તા ઉપર ભજવણીનો, પાત્રોના અભિનયનો, પાત્રોની આંગિક તથા વાચિક ચેષ્ટાઓનો ખ્યાલ રાખ્યો છે. નાટકમાં જ યોગ્ય સ્થાને પ્રવેશ (ENTRY) અને જવું (EXIT) ની સૂચનાઓ આપી છે. તેમણે વેશભૂષા અને મંચની સજ્જતાની સૂચનાઓ પણ આપી છે. રંગલો, જીવરામ વગેરે પાત્રોના દેખાવ, પહેરવેશ, વાણી-વર્તન કે ચેષ્ટાના ઉલ્લેખ દલપતરામની ઝીણવટભરી સૂઝ બતાવે છે. નાટકની ભજવણી માટેના સમયગાળા માટે પણ દલપતરામે ચાર કે પાંચ કલાકમાં ભજવણી પૂરી કરવાનું સૂચન કરેલું છે. ટૂંકમાં દલપતરામ દિગ્દર્શકને ઉપયોગી થઈ પડે તેવું સઘળું સૂચવી ગયા છે. તેમણે પડદો કેવો બનાવવો અને ક્યારે પાડવો તથા ક્યારે ખસેડવો તે પણ જણાવ્યું છે. નાટકની મંચનક્ષમતા બાબતે દલપતરામ પૂરતા સભાન રહ્યા છે. ગુજરાતી સાહિત્યનું પ્રથમ મૌલિક શિષ્ટ પ્રહસન હોવા છતાં દલપતરામની વિશિષ્ટ નાટ્યસૂઝના દર્શન થાય છે. એ સમયે આટલી કાળજી નાટ્યકારનું દૂરંદેશીપણું બતાવે છે.

9.0 નાટકની પ્રસ્તુતતા :

નાટક એવું સાહિત્ય સ્વરૂપ છે જે જીવનની વ્યવસ્થિત રજૂઆત કરી પ્રેક્ષકોમાં સંવેદનો ઊભાં કરે છે, ગોઠવે છે, પરિવર્તિત કરે છે. નાટકનું કાર્ય મનોરંજનની સાથે સાથે જીવનનું સમાધાન કરાવવાનું પણ છે. તેથી જ તેમાં જીવનદર્શન કે પ્રસ્તુતતા અનિવાર્ય ગણાય. નાટકમાં કોઈ ને કોઈ નીતિબોધ કે વ્યવહાર બોધ હોય તે નાટ્યકારની આવડત અને ક્ષમતા અનુસાર કલાત્મકતાનું રૂપ ધારણ કરીને અવતરે છે. 'મિથ્યાભિમાન' નાટકમાં દલપતરામની આગવી કલાદૃષ્ટિના દર્શન થાય છે. જીવનદર્શન કે પ્રસ્તુતતાના મુદ્દે પણ દલપતરામ ધાર્યું તીર નિશાન પર ચલાવી ગયા છે. દંભ, અભિમાન, ઘમંડ માણસને પતનના મારગે લઈ જાય તેવું તો ખરું જ ! આ અભિમાન મિથ્યા - જે નથી તેનો દેખાડો; એટલે મૂળ વસ્તુ જ મનુષ્યના અહમને સ્પર્શે તેવું. વળી જે માવજતથી અહીં દલપતરામ મૂકે છે તે હળવાશ નોંધપાત્ર છે. નાટકમાં સસરો, જમાઈ, સાસુ વગેરે તરીકેના પાત્રો સામાન્ય વ્યક્તિને પોતીકા લાગે તે સ્વાભાવિક છે. પ્રસંગની પસંદગી પણ સાહજિક, જીવરામ ભટ્ટ દ્વારા લેખક જે રીતે વસ્તુ વર્ણવે છે તે માટે ભઈ વાહ ! ઉદ્ગાર સરી પડે જ. ચૌર્યપ્રસંગ પછીનું તેનું હૃદયપરિવર્તન અને છતાં કરૂણ અંત પ્રેક્ષકને સાંવેગિક રીતે ઢંઢોળી જાય તે કક્ષાની રજૂઆત છે. નાટકમાં જીવનદર્શન હોય જ કે જે અહીં દલપતરામ દ્વારા સિદ્ધ થાય છે. નાટકને માવજત મળી 'સમાજ સુધારક' દલપતરામની તે લટકામાં ! ઘણું નોંધી શકાય તેવા આ મુદ્દાને આ વિધાનથી જ પૂર્ણ કરી

દલપતરામના શબ્દો જોઈએ...

"મિથ્યાભિમાની મનુષ્ય ખાલી કરે છગાઈ; તેથી તેની થાય છે ભૂંગળ વિનાની ભવાઈ.'

10.0 મર્યાદા :

સિક્કાને બે બાજુ હોય છે તેમ કૃતિને પણ સારું - નબળું પાસું હોય છે. ગુજરાતી ભાષાના અર્વાચીન યુગના આરંભકાળમાં ગદ્યસ્વરૂપના પિંડઘડતરનો એ સમય... શિષ્ટ અને વિશુદ્ધ ગુજરાતી પ્રહસનનો પ્રથમ પ્રયોગ... ત્રિવિધ નાટ્યશૈલી... સમાજ સુધારાનો પાયારૂપ વિચાર... ભવાઈના સ્વરૂપમાં રહેલ દૂષણ (સસ્તું મનોરંજન) દૂર કરી સુજ્ઞજન માટે નાટ્યરચનાનો ઉમદા વિચાર... કેટકેટલું દલપતરામે મનમાં જ સાચવીને કામ કર્યું હશે ! આ બધી જ બાબતો 'મિથ્યાભિમાન' નાટકની જમા બાજુ કહી શકાય. મર્યાદાઓ પણ ખરી. સુજ્ઞ પ્રેક્ષકોને કઠે તેવા સંવાદ નાટકમાં ક્યાંક જોવા મળે છે. ખાસ તો રંગલાના કોઈ કોઈ સંવાદમાં માન જળવાતું નથી. ઉપરાંત તેમના પાત્રોની વાણીમાં સ્ત્રીદાક્ષિણ્યનો અભાવ વર્તાય છે. જીવરામ, રઘનાથ, રંગલો ક્યારેક ગાળો બોલે છે. ક્યારેક જુગુપ્સા જાગે તેવા સંવાદ પણ છે ! આ ઉપરાંત જીવરામ ભટ્ટને ગંદા ખાડામાં આરામ કરતો નિરૂપ્યો છે તે જરા અડવું લાગે. પાડીનો પ્રસંગ પણ ભજવણી વખતે તખ્તા પર મુશ્કેલી તો સર્જે જ. ઉપરાંત ચોર્યપ્રસંગ વખતે જીવરામને બધા મારે છે ત્યારે પ્રશ્ન થાય કે દીવો કરવાનું કેમ કોઈને સૂઝતું નથી !પોલીસ પણ ફાનસ વગર જ આવે! અને છેલ્લે જીવરામનું હૃદયપરિવર્તન થયું હોવા છતાં રંગલો એની ક્રૂર ઠેકડી જ કરે છે તે જરા વધારે પડતું કહેવાય. હાસ્યરસના નાટકનો અંત કરૂણ ગંભીર ! મૃત્યુ ટાળી શકાયું હોત તો... ! ખેર, એકંદરે નાટક મનોરંજક છે અને એક ઘેરો - ઊંડો સંદેશ ભાવકના મનમાં પહોંચાડી શકવા સક્ષમ છે.

11.0 ઉપસંહાર :

'મિથ્યાભિમાન' નાટક દ્વારા દલપતરામે પ્રથમ મૌલિક શિષ્ટ પ્રહસનનો પ્રયોગ કર્યો. દૃશ્યસંકલના, અભિનેયતા, વેધક સંવાદો, તખ્તાલયકી, નાટ્યોચિત સંઘર્ષ, ભાષાનાં સ્તરોનું વૈવિધ્ય, હાસ્ય રસાગમન, પાત્રસૃષ્ટિની દૃષ્ટિએ આ એક સશક્ત નાટ્યરચના બની છે. ચંદ્રશંકર ભટ્ટ નાટક મૂલવતાં કહે છે કે 'મિથ્યાભિમાન' તેની કેટલીક મર્યાદાઓ સહિત પણ આપણું પ્રથમ શિષ્ટ પ્રહસન છે. આજ સુધી તેની ગુણવત્તાથી આપણાં આદરને પાત્ર રહ્યું છે. સાહિત્યકૃતિ અને નાટક તરીકે મિથ્યાભિમાન આપણી એક ચિરંજીવી કૃતિ છે. આમ આ નાટક ગુજરાતી સાહિત્ય માટે પ્રસાદ છે. જીવરામ ભટ્ટ ગુજરાત અને ભારતમાં જ નહિ પણ વિશ્વવિખ્યાત પાત્ર છે ! સુધારાવાદી દલપતરામની કસાયેલી કલમનો કમાલ છે. કૃતિ દ્વારા ધાર્યું કામ પાર પાડી જાય છે દલપતરામ ! આરંભકાળે આકાર પામેલ આ કૃતિ

આજપર્યંત અસરકારક લાગે છે તે નાની વાત ન કહેવાય. લગભગ સત્તર દાયકા થયા પણ ‘મિથ્યાભિમાન’ આજનું જ લાગે છે! અંતમાં એક યુગપ્રવર્તક સાહિત્યકારની સાધનામાં ફળ સમાન ‘મિથ્યાભિમાન' નાટક માટે ગુજરાતી હોવાના નાતે એક શ્રેષ્ઠ કલાત્મક કૃતિ હોવાનું ગૌરવ આપણે લઈએ તો જરા પણ 'મિથ્યા' નહિ કહેવાય! આમ તો થોડાથોડા સમયે પુનઃ પુનઃ માણવા જેવું છે પણ શક્ય ન બને તો એકવાર માણ્યા પછી વારંવાર મમળાવવા જેવું તો આ નાટક છે જ

સંદર્ભ :

ડૉ. રમેશ એમ. ત્રિવેદી અર્વાચિન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ૨૦૨૦, આદર્શ પ્રકાશન, અમદાવાદ

ડૉ. રમેશ એમ. ત્રિવેદી સાહિત્યના સિદ્ધંતો ૨૦૨૧, આદર્શ પ્રકાશન, અમદાવાદ

ડૉ.વૈધનાથ પ્રસાદ વર્મા વિશ્વ કે મહાન શિક્ષાશાસ્ત્રી ૧૯૭૨, બિહાર હિન્દી ગ્રંથ અકાદમી, પટના

જે કૃષ્ણમૂર્તિ શિક્ષણ અને જીવન રહસ્ય (અનુ. હીરાલાલ બક્ષી, ચંપક મહેતા) ૨૦૦૭, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ